**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 27**

આશાજી પછે સો જીવ દુનીયામાંહે આવ્યા, સતપંથ મારગે ચાલેજી;
હીરાંગીણાં કહી જીવ હોશે, માત થઈ તમે તારો. હરી. (૩૨૬)

આશાજી માત તાત તો તમને જાણું, અવર ન જાણું કેઇજી;
અમારૂં મસ્તક તમારે હાથ, જ્યાં નાખો ત્યાં થાએ. હરી. (૩૨૭)

આશાજી મુસ્તક દીધા કીડેં સો ધાવે, કીઆ સોજાણે બાલજી;
નાનું બાલક તે શું સમજે, માત થઇને તમે તારો. હરી. (૩૨૮)

આશાજી બાર વરસ તો બાળક રહેશે, તે અલીજીને હાથેજી;
ત્યાં લગી માત તાત ખવરાવે, સોહી અલી તમહી તારો.
હરી૦ (૩૨૯)

આશાજી માત તાતને માહા બંધવ. અને ભરથાર પણ તુંહીંજી;
અમારા સામું નવ જુઓ, થાઓ સરવે જાણ. હરી૦ (૩૩૦)

આશાજી મોમન સરવે જીવ તમારા, બહુ છે ગુન્હેગારજી;
મહેરની નજર કરો મોરા સામી, પહોંચાડો દેવ દુઆર. હરી. (૩૩૧)

આશાજી પાંચથી ટલીઆ સાતમા આવ્યા, નવમાં હુઆ ઉતારજી;
નવથી ટલીઆ તે બારમાંહે ન આવ્યા, અણુતમાંહે હુઓ ઉતાર.
હરી૦ (૩૩૨)

**Day 27 (continued)**

આશાજી અણુતનું વર તે તમને જાણું, અમે તમારી નારજી;
આજના ભુલા કોઈ કામ ન આવે, જાવે ઘોર અંધાર. હરી. (૩૩૩)

આશાજી તમારા જીવ તે તમને ઓળખે, લજા અમારી રાખોજી;
હાથે હથવાળો દીઓ મોરા સામી, તો ઉતારો પહેલે પાર.
હરી૦ (૩૩૪)

આશાજી ઉતારાનો આરો તમારે હાથ, કેનું ન ચાલે લગારજી;
આગલા ખાતા ચીતમાંહે ન લાવો, કરો તમારી મહેર. હરી. (૩૩૫)

આશાજી વીનવું વીનવું બહુરૂપે વીનવું, કરૂં તે આપણી વતજી;
એમ કરતાં જે ચેતી નહી ચાલે, તે જાશે ઘોર અંધાર. હરી. (૩૩૬)

આશાજી અણુત ગીનાન વીચારી ચાલો, ને કરો મન હુશીયારીજી;
હુશીયાર થઈ તમે હરને આરાધો, નીંદા મ કરો લગાર. હરી. (૩૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)